Extra No. 254

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXVI] **WEDNESDAY, JULY 9, 2025 / ASHADHA 18, 1947**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૯મી જુલાઇ, ૨૦૨૫

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના ગૃહ વિભાગના તારીખઃ ૨૦મી જૂન, ૨૦૨૫ના સરકારી જાહેરનામા ક્રમાંકઃ જીજી/૧૦૦/૨૦૨૫/એસબી.૫/બીએનએસ/૧૦૨૦૨૫/જીઓઆઈ-૧૫.- નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. સોલંકી,

સરકારના નાયબ સચિવ.

NOTIFICATION

Regarding

The Gujarat Audio-Video Electronic Means Rules, 2025

ગુજરાત ઓડિયો-વિડિયો ઈલેક્ટ્રોનિક સાધનો નિયમો, ૨૦૨૫ સંબંધી

જાહેરનામું

ગૃહ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૦મી જૂન, ૨૦૨૫

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩.

ક્રમાંક: જીજી/૧૦૦/૨૦૨૫/એસબી.૫/બીએનએસ/૧૦૨૦૨૫/જીઓઆઈ-૧૫:- ગુજરાત રાજ્યને લાગુ પડતા, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ (સન ૨૦૨૩ના ૪૬મા)ની કલમ-૨ની પેટા-કલમ (૧)ના ખંડ (ક)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, નીચેના નિયમો કરે છે:-

૧. ટૂંકી સંજ્ઞા, વ્યાપ્તિ અને આરંભ.-

(૧) આ નિયમો ગુજરાત ઓડિયો-વિડિયો ઈલેક્ટ્રોનિક સાધનો નિયમો, ૨૦૨૫ કહેવાશે.

(૨) તે સમગ્ર ગુજરાત રાજ્યને લાગુ પડશે.

(૩) તે, *રાજપત્ર*માં તેની પ્રસિદ્ધિની તારીખથી અમલમાં આવશે.

૨. વ્યાખ્યા.-

(૧) આ નિયમોમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય તો,-

(ક) સંહિતાની કલમ ૨-ની પેટા-કલમ (૧)ના ખંડ (ક) હેઠળ "ઓડિયો-વિડિયો ઈલેક્ટ્રોનિક સાધનો" નો જે અર્થ આપવામાં આવ્યો છે તે જ થશે;

(ખ) "નિયત પ્લેટફોર્મ (માધ્યમ)" એટલે આ નિયમો હેઠળ નિર્દિષ્ટ હેતુઓ માટે રાજ્ય સરકારે માન્ય કરેલું ઈલેક્ટ્રોનિક પ્લેટફોર્મ (માધ્યમ) અથવા સોફ્ટવેર;

(ગ) "સંહિતા" એટલે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ (સન ૨૦૨૩નો ૪૬મો);

(ઘ) "રાજ્ય સરકાર" એટલે ગુજરાત સરકાર.

(૨) આ નિયમોમાં વપરાયેલા પણ વ્યાખ્યાયિત ન કરેલા શબ્દો અને શબ્દપ્રયોગોના, સંહિતા અથવા ઈન્ફર્મેશન ટેક્નોલોજી અધિનિયમ, ૨૦૦૦ (સન ૨૦૦૦ ના ૨૧મા)માં તેમના અનુક્રમે જે અર્થ કરવામાં આવ્યા છે તે જ થશે.

૩. સંહિતાના હેતુ માટે નીચેના ઈલેક્ટ્રોનિક ઉપકરણો અને પ્લેટફોર્મ (માધ્યમો) ઓડિયો-વિડિયો ઈલેક્ટ્રોનિક સાધનો તરીકે નિર્દિષ્ટ કરવામાં આવે છે.-

(૧) અધિકૃત પોલીસ અધિકારીઓના મોબાઈલ ફોન અથવા ટેબલેટમાં રેકોર્ડ કરવામાં આવેલ ઓડિઓ/વિડિયો કાર્યવાહીઓ (પ્રોસિડીંગ્સ).

(૨) ગુજરાતની અંદર અથવા ગુજરાતની બહારના વિવિધ સ્થળોએ સ્થાપિત અથવા સ્થિત ઓટોમેટેડ(સ્વચાલિત) સરકારી, અર્ધ-સરકારી અને ખાનગી સીસીટીવી કેમેરામાં રેકોર્ડ કરવામાં આવેલ ઓડિઓ/વિડિયો કાર્યવાહી.

(૩) અધિકૃત પોલીસ અધિકારીના ડિજિટલ કેમેરા, ડિજિટલ વિડિયો કેમેરા, શરીરે પહેરેલા કેમેરા, ટેબલેટ અથવા તેવા અન્ય ઉપકરણો સહિત ડિજિટલ ઉપકરણોમાં રેકોર્ડ કરવામાં આવેલ ઓડિયો/વિડિયો કાર્યવાહી.

(૪) રાજ્ય સરકારે અથવા પોલીસ સત્તાધિકારીએ આ રીતે અધિકૃત કરેલા તેવા અન્ય કોઈ ઈલેક્ટ્રોનિક ઉપકરણ(ણો).

સ્પષ્ટીકરણ: આ જાહેરનામાના હેતુ માટે, ઈ-સાક્ષ્ય, ઈ-સમન્સ, ન્યાયશ્રુતિ, ઈ-ગુજકોપ/સીસીટીએનએસ (ક્રાઈમ એન્ડ ક્રિમિનલ ટ્રેકિંગ નેટવર્ક એન્ડ સિસ્ટમ્સ)/આઈસીજેએસ (ઈન્ટર-ઓપરેબલ ક્રિમિનલ જસ્ટિસ સિસ્ટમ) સોંપવામાં આવેલ હોય તેવા પોલીસ અધિકારીઓ/કર્મચારીઓ અધિકૃત પોલીસ અધિકારીઓ ગણાશે.

૪. નિયમ ૩માં નિર્દિષ્ટ ઓડિયો-વિડિયો ઈલેક્ટ્રોનિક સાધનોનો હેતુ.-

નિયમ ૩માં નિર્દિષ્ટ ઓડિયો-વિડિયો ઈલેક્ટ્રોનિક સાધનોનો ઉપયોગ નીચેની બાબતો માટે કરવો જોઈશે.-

(ક) સાક્ષીઓની તપાસ, નિવેદનો રેકોર્ડ કરવા અને જામીન અરજીઓની સુનાવણી કરવા સહિતની કોર્ટની કાર્યવાહીઓ માટે વિડિયો કોન્ફરન્સિંગ હાથ ધરવા માટે;

(ખ) આરોપી અથવા શંકાસ્પદ વ્યક્તિઓની ઓળખની કાર્યવાહીઓના રેકોર્ડિંગ માટે;

(ગ) પોલીસ અથવા બીજા અધિકૃત અધિકારીઓ દ્વારા હાથ ધરવામાં આવેલ તપાસ અને જપ્તીની દસ્તાવેજીકરણની કામગીરી માટે;

(ઘ) ઈલેક્ટ્રોનિક સ્વરૂપમાં પુરાવા એકઠા કરવા, જાળવવા અને રજૂ કરવા માટે મોકલી આપવા (ટ્રાન્સમીશન) માટે;

(ચ) કેસ સંબંધિત સંકલન માટે કોર્ટ, પોલીસ સ્ટેશનો અને ફોરેન્સિક લેબોરેટરીઓ (ન્યાયસહાયક પ્રયોગશાળાઓ) વચ્ચે સંચાર (સંદેશાવ્યવહાર) સરળ બનાવવા માટે;

૫. સુરક્ષા અને પાલનના ધોરણો.-

(૧) આ નિયમો હેઠળ ઉપયોગમાં લેવામાં આવેલ તમામ ઓડિયો-વિડિયો ઈલેક્ટ્રોનિક સાધનોએ, ઈન્ફર્મેશન ટેક્નોલોજી અધિનિયમ, ૨૦૦૦ અને કેન્દ્ર સરકારે અથવા રાજ્ય સરકારે બહાર પાડેલી કોઈ માર્ગદર્શિકા હેઠળ ઠરાવેલ સુરક્ષા અને એન્ક્રિપ્શનના ધોરણોનું પાલન કરવું જોઈશે.

(૨) નિયત માધ્યમો (પ્લેટફોર્મ)એ એન્ડ-ટુ-એન્ડ એન્ક્રિપ્શન સુનિશ્ચિત કરવું જોઈશે અને રેકોર્ડ કરેલા ડેટાની અનઅધિકૃત એક્સેસ (પ્રવેશ) અથવા તેની સાથે ચેડાં થતા રોકવા માટે તેના સંગ્રહને (સ્ટોરેજ) સુરક્ષિત કરવું જોઈશે.

(૩) ઓડિયો-વિડિયો ઈલેક્ટ્રોનિક સાધનો મારફત કરેલું તમામ રેકોર્ડિંગ, સંહિતા અથવા લાગુ પડતા બીજા કાયદા હેઠળ નિર્દિષ્ટ કરેલી મુદત માટે, સંબંધિત સત્તાધિકારીએ સંગ્રહ (રિપોઝીટરી) સુરક્ષિત કરવું જોઈશે.

૬. ઉપયોગ માટેની કાર્યરીતિ.-

(૧) સંહિતા હેઠળ અધિકૃત કરેલા અધિકારી, જેવા કે જયુડિશીયલ મેજિસ્ટ્રેટ, પોલીસ અધિકારી અથવા યથાપ્રસંગ, મુકરર કરેલા બીજા સત્તાધિકારીએ, ઓડિયો-વિડિયો ઈલેક્ટ્રોનિક સાધનોના ઉપયોગની દેખરેખ રાખવી જોઈશે.

(૨) અધિકૃત અધિકારીએ, વિડિયો કોન્ફરન્સિંગ અથવા ઈલેક્ટ્રોનિક પ્રક્રિયા શરૂ થાય તે પહેલાં તેમાં ભાગ લેનારાની ઓળખ સુનિશ્ચિત કરવી જોઈશે.

(૩) ઓડિયો-વિડિયો ઈલેક્ટ્રોનિક સાધનો મારફત હાથ ધરેલી તમામ કાર્યવાહીઓનો રેકોર્ડ, તારીખ, સમય, ભાગ લેનારા અને સંચારના હેતુ સહિત નિભાવવો જોઈશે.

(૪) તપાસ અધિકારીએ ઈલેક્ટ્રોનિક રીતે રેકોર્ડ કરેલા ઓડિઓ વિડિયોની એક નકલ સંબંધિત મેજિસ્ટ્રેટને ૪૮ કલાકની અંદર મોકલવી જોઈશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

શ્રદ્ધા પરમાર,

સરકારના ઉપસચિવ.

Signature Not Verified
Signed by:BHOLUSINGH G THAKUR
Date: 2025.07.15 22:26:30 +05:30
Reason: Validate Document
Location: Government Central Press, Gandhinagar